# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

***************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હથિયાર હાથમાં લીધા હોય તેવા માઓવાદીઓ સાથે વાતચીત કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો
2) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને રેગિંગ વિરોધી નિયમોનું પાલન ન કરનારી દેશભરની 89 સંસ્થાઓને નોટિસ ફટકારી.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર પ્રદેશના બે દિવસના પ્રવાસે... બરેલીના ભારતીય પશુ ચિકિત્સા સંશોધન સંસ્થાના ૧૧મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.
4) પાંચ વર્ષ બાદ આજથી ફરી કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ
5) સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંસ્થાના વડાએ અમેરિકા હવાઈ હુમલાઓ દ્વારા ઈરાનના પરમાણુ કાર્યક્રમને "નાશ" કરવાના દાવાઓ પર શંકા વ્યક્ત કરી.
6) બેડમિન્ટનમાં,આયુષ શેટ્ટીએ યુએસ ઓપન 2025 જીતીને ઇતિહાસ રચ્યો

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હથિયારધારી માઓવાદીઓ સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો છે. તેલંગાણાના નિઝામાબાદમાં એક કિસાન સંમેલનને સંબોધતા તેમણે કહ્યું કે આદિવાસીઓ, પોલીસકર્મીઓ અને સુરક્ષા કર્મચારીઓની હત્યા કરનારાઓ સાથે કોઈ વાતચીત ન થઈ શકે. ગૃહ મંત્રીએ ડાબેરી ઉગ્રવાદીઓને શસ્ત્રો છોડવા અને રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં જોડાવા કહ્યું હતું.

શ્રી શાહે 31 માર્ચ, 2026 સુધીમાં ભારતને માઓવાદીઓથી મુક્ત કરવાના કેન્દ્રના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે કોંગ્રેસ પક્ષ દેશભરમાંથી ભાગી ગયેલા માઓવાદીઓને તેલંગાણામાં આશ્રય આપી શકે છે. શ્રી શાહે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને તેલંગણાને માઓવાદીઓનો અડ્ડો ન બનવા દેવા જણાવ્યું હતું.

(બાઇટ- અમિત શાહ , કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UGC - RAGGING

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને રેગિંગ વિરોધી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ દેશભરની ૪૭ સંસ્થાઓને નોટિસ ફટકારી છે જેમાં ચાર આઈ. આઈ. ટી., ત્રણ આઈ. આઈ. એમ. અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી સહિત શૈક્ષણિક સંસ્થાઓ છે. યુ. જી. સી. રેગ્યુલેશન્સ ઓન રેગિંગ, 2009 મુજબ, યુ. જી. સી. સાથે જોડાયેલી દરેક સંસ્થાએ વિદ્યાર્થીઓ પાસેથી પાલન ઉપક્રમ અને રેગિંગ વિરોધી ઉપક્રમો રજૂ કરવા ફરજીયાત છે.

નોટિસ અનુસાર, આ સંસ્થાઓએ વારંવાર સલાહ અને ફોલો-અપ કોલ કરવા છતાં વિદ્યાર્થીઓ તરફથી ફરજિયાત એન્ટી-રેગિંગ ઉપક્રમો અને સંસ્થાઓ તરફથી પાલન ઉપક્રમો રજૂ કર્યા નથી. આ માર્ગદર્શિકાઓનું પાલન નહી કરીને શૈક્ષણિક સંસ્થાઓ રેગિંગ સંબંધિત તકલીફ અને પ્રતિકૂળ કેમ્પસ વાતાવરણને કારણે વિદ્યાર્થીઓની સલામતીને પણ જોખમમાં મૂકે છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# President - Uttar Pradesh

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર પ્રદેશના બે દિવસના પ્રવાસે જશે. તેઓ બરેલીમાં ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થાના ૧૧મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ મુર્મુ આવતીકાલે ગોરખપુરમાં મહાયોગી ગુરુ ગોરખનાથ આયુષ યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કરશે. આ દરમિયાન, તેઓ ગોરખપુરમાં મહાયોગી ગોરખનાથ યુનિવર્સિટીની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ તેના ઓડિટોરિયમ, શૈક્ષણિક બ્લોક અને પંચકર્મ કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે અને નવી કન્યા છાત્રાલયનો શિલાન્યાસ કરશે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ....

**(વોઈસ કાસ્ટ – ઓમ અવસ્તી)**

..................................

# KAILASH-MANSAROVAR-YATRA

આજથી કૈલાશ માનસરોવર યાત્રાનો પ્રારંભ થશે. કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવેલી આ યાત્રા પાંચ વર્ષના અંતરાલ બાદ શરૂ થઈ રહી છે. આ વર્ષે, કૈલાશ માનસરોવર યાત્રા સિક્કિમના નાથુલા પાસ અને ઉત્તરાખંડના લિપુલેખથી શરૂ કરાશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ યાત્રા આગામી ઓગસ્ટ મહિના સુધી ચાલશે. સિક્કિમ સરકાર યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માળખાગત સુવિધાઓમાં વધારો કરી રહી છે. આ યાત્રા હિન્દુઓ, જૈનો અને બૌદ્ધો માટે ઊંડું આધ્યાત્મિક મહત્વ ધરાવે છે અને કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

# . JAISHANKAR - US VISIT

વિદેશ મંત્રી એસ. જયશંકર આવતીકાલે યોજાનારી આગામી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકા જશે.. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોના આમંત્રણ પર આજથી તેઓ ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જશે. એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે કહ્યું કે ક્વાડ જૂથ મુક્ત અને વ્યાપક ઇન્ડો-પેસિફિક માટે ફલકના વિસ્તારને આગળ વધારવા માટે નવી દરખાસ્તો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઉલ્લેખનીય છે કે, પહેલગામ હુમલા પછી ક્વાડ મંત્રીઓની આ પ્રથમ બેઠક હશે.

ડૉ. જયશંકર ન્યૂયોર્કમાં પહોંચીને સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં "આતંકવાદની માનવીય કિંમત" શીર્ષક હેઠળના પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રદર્શન વિશ્વભરમાં આતંકવાદી કૃત્યોની વિનાશક અસર તેમજ આતંકવાદ સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા લેવામાં આવેલા પગલાંને પ્રકાશિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAHA-CABINET

મહારાષ્ટ્ર સરકારે શાળાકીય શિક્ષણમાં ત્રણ ભાષાની નીતિ પાછી ખેંચી લીધી છે. રાજ્ય વિધાનસભાના ચોમાસુ સત્રની પૂર્વસંધ્યાએ ગઈકાલે મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે રાજ્ય મંત્રીમંડળે ત્રણ ભાષાની નીતિના અમલીકરણ અંગેના બે સરકારી આદેશો પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે. તેમણે ભાષા નીતિ પર આગળ વધવાનો માર્ગ સૂચવવા શિક્ષણવિદ નરેન્દ્ર જાધવના નેતૃત્વમાં એક સમિતિની રચનાની પણ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Om Birla-CPA Conference

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે ધર્મશાળાના તપોવન ખાતે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન-(સીપીએ) ઝોન-2 વાર્ષિક પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પરિષદનો વિષય છે - ડિજિટલ યુગમાં સુશાસન: સંસાધનોનું સંચાલન, લોકશાહીનું રક્ષણ અને નવીનતા અપનાવવી. સીપીએ એક વૈશ્વિક સંગઠન છે.

........................................

# EMERGENCY SPECIAL STORY

કટોકટી લાદવાની 50મી વર્ષગાંઠ નિમિત્તે, જે સમયગાળાને ભારતના લોકશાહી ઇતિહાસના સૌથી કાળા પ્રકરણમાંથી એક તરીકે યાદ કરવામાં આવે છે, તે અંતર્ગત દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન મીસા હેઠળ જેલમાં રહેલા લોકોનું સન્માન કરવામાં આવી રહ્યું છે. વરિષ્ઠ પત્રકાર બલબીર દત્તે કટોકટીના કાળાના દિવસો દરમિયાનનો પોતાનો અનુભવ શેર કર્યો.

**(BYTE : BALBIR DUTT)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IAEA - IRAN

સંયુક્ત રાષ્ટ્રના પરમાણુ નિરીક્ષક સંસ્થાના વડાએ તાજેતરના અમેરિકા હવાઈ હુમલાઓ દ્વારા ઈરાનના પરમાણુ કાર્યક્રમને "નાશ" કરવાના દાવાઓ પર શંકા વ્યક્ત કરી છે. એક ટીવી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી ના ડિરેક્ટર જનરલ, રાફેલ ગ્રોસીએ જણાવ્યું હતું કે તેહરાન હજુ પણ મહિનાઓમાં યુરેનિયમ સંવર્ધન ફરી શરૂ કરવાની ક્ષમતા રાખે છે. તેમણે કહ્યું કે, જ્યારે અમેરિકા હવાઈ હુમલાઓથી નુકસાન થયુ હતું, પરંતુ તે સંપૂર્ણ નાશ નથી પામ્યુ. ગ્રોસીની ટિપ્પણીઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનોથી તદ્દન વિરોધી છે. આ હુમલા બાદ ટ્રમ્પ અનેક વાર દાવો કરી ચૂક્યા છે કે અમેરિકાએ ઈરાનના પરમાણુ માળખાને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV. BADMINTON - US OPEN

બેડમિન્ટનમાં, 20 વર્ષીય આયુષ શેટ્ટીએ યુએસ ઓપન 2025 જીતીને ઇતિહાસ રચ્યો છે. આયુષે ફાઇનલમાં કેનેડાના બ્રાયન યાંગ સામે 21-18,21-13 થી જીત હાંસલ કરી. આત્મવિશ્વાસ અને ચોકસાઇ સાથે રમતા, શેટ્ટીએ રમતમાં પ્રભુત્વ જમાવ્યું હતું અને શરૂઆતથી જ કેનેડિયન શટલરને બેકફૂટ પર રાખ્યો હતો. આ ખિતાબ સાથે, શેટ્ટીએ માત્ર પોતાનું બીડબ્લ્યુએફ વર્લ્ડ ટૂર ખાતું જ ખોલ્યું નથી, પરંતુ કેનેડા ઓપન 2023 પછી વિદેશી ધરતી પર બીડબ્લ્યુએફ ટૂર પર ભારતને તેનું પ્રથમ પુરુષ સિંગલ્સ ટાઇટલ પણ અપાવ્યું છે.

**જોકે, મહિલા સિંગલ્સમાં તન્વી શર્મા ની બેઇવેન ઝાંગ સામે હાર થતા તેણે રનર્સ બની સંતોષ માનવો પડ્યો હતો...જોકે તન્વીએ ટોચની ક્રમાંકિતને જોરદાર લડત આપી હતી.**

. . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોએ અલગ અલગ સમાચારોને હેડાલાઇનસમાં લીધા છે.

સંદેશે લખ્યું છે કે રશિયાએ 537 ડ્રોન- મિસાઇલ હુમલાથી યુક્રેનને ધમરોળ્યુ

ઉત્તરાખંડ- હિમાચલમાં આભ ફાટતાં ભારે તારાજી આ હેડલાઇન ગુજરાત સમાચારે ડબલ લાઇનર સાથે પ્રકાશિત કરી છે

નવગુજરાત સમયે લખ્યું છે કે મેઘરાજા મહેરબાન નવ દિવસ વહેલા સમગ્ર દેશમા આગમન

ફૂલછાબે લખ્યુ છે કે પુરી જગન્નાથ યાત્રા બાદ ભાગદોડમાં ત્રણ મૃત્યુ

દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે પૂરી દુર્ઘટનાઃ એક્ઝિટ ગેટ બંધ કરીને વીઆઇપીની એન્ટ્રી કરાવવામાં નાસભાગ મચી

અમદાવાદની વિમાનની દુર્ઘટનામાં તપાસ, પહેલી એપ્રિલ 2026થી વસ્તી ગણતરીનો પહેલો તબકકો શરૂ થવાના સમાચાર પણ પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

રાજ્ય અને સ્થાનિક સમચારમાં ડીજીપી વિકાસ સહાય આજે નિવૃત્ત થશે , રાજ્યમાં વરસાદી માહોલના સમાચાર તમામ વર્તમાનપત્રોએ છેલ્લા પાના ઉપર પ્રકાશિત કર્યાં છે. વરસાદી માહોલની તસવીરો પમ અખબારોએ વિવિધ રીતે છાપી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .